# ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળના પ્રમુખ પદે દિનેશ ચૌહાણ

## મહામંત્રી તરીકે હસમુખ પટેલની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળની તા. ૦૪-૦૫-૨૦૧૩ના રોજ મળેલી સામાન્ય સભામાં સતત સાતમા વર્ષે ક્રિયાશીલ





શ્રી દિનેશ ચૌહાણની પ્રમુખ તરીકે અને હસમુખ પટેલની મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે સર્વાનુમતે હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી છે.

જેમાં પ્રમુખ તરીકે શ્રી દિનેશ ચૌહાણ તથા મહામંત્રી તરીકે શ્રી હસમુખ પટેલ ઉપરાંત ઉપપ્રમુખ તરીકે સર્વ શ્રી સંજય શાહ, શ્રી દિલીપ ગજ્જર, શ્રી પી. એચ. ચૌધરી, શ્રી એચ. વી. ગોહિલ, શ્રી જી. એસ. ઠાકોર અને સહમંત્રી શ્રી વી. એન. પટેલ તથા ખજાનચી તરીકે શ્રી પ્રવિણ બારોટની નિમણૂંક કરવામાં આવી છે. સંગઠન મંત્રી તરીકે સર્વશ્રી પ્રવિણ પટેલ (વડી કચેરી), શ્રી જે. એન. સત્યદેવ (સૌરાષ્ટ્ર ઝોન), શ્રી નટુભાઈ લીમ્બાચીયા (મધ્ય ગુજરાત ઝોન), શ્રી નરેશ પટેલ (દક્ષિણ ગુજરાત ઝોન) અને શ્રી નરેશ દિક્ષીત (ઉત્તર ઝોન)ની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે.

કારોબારી સભ્યોમાં સર્વશ્રી શ્રી સંજય પારેખ શ્રી પરિમલ દેસાઈ, શ્રી કે. જી. વાઘેલા, શ્રી બી. એન. વાડદોરીયા, શ્રી નિલેશ વાઘેલા, શ્રી કમલ રાઠોડ, શ્રી વિનોદ ચૌહાણ, શ્રી પી. પી. સોરઠીયા, શ્રી પારૂલબેન મણિયાર, શ્રી દિવ્યાબેન કક્કડ, શ્રી વિષ્ણુ નાયક (મહેસાણા), શ્રી બી. ટી. ડુમર (વિરપુર), શ્રી સંજય પટેલ (ભરૂચ), શ્રી સંજય રાજ્યગુરૂ (રાજકોટ) અને શ્રી અક્ષય દેસાઈ (વલસાડ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# સે. ૨૧ના બંધ મકાનમાંથી ૧.૯૫ લાખના દાગીનાની ચોરી

## ધોળા દિવસે ૧.૯૫ લાખની ચોરી થતા ચકચાર : પોલીસે ડોગ સ્કોર્ડ અને એફ.એસ.એલ.ની મદદથી તપાસ આરંભી

ગાંધીનગર, તા. ૬

શહેરના સેક્ટર-૨૧માં આવેલ સરકારી મકાનમાં આજે સવારે ધોળા દિવસે કોઈ ઘરફોડીયાઓએ બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી ઘરમાં પડેલા રૂ. ૧૯૫ લાખના સોના-ચાંદીના દાગીના લઈ પલાયન થઈ ગયા ગયા. ધોળા દિવસે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. ચોરી અંગે સેક્ટર-૨૧ પોલીસમથકે ફરિયાદ નોંધી ફરાર ઘરફોડિયાઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગરમાં જેમ-જેમ ગરમીનો પારો ઉપર જતો જાય છે તેમ છેલ્લા ઘણા વખતથી ગુનાહનો ગ્રાપ પણ વધવા લાગ્યો છે. શહેરમાં આયે દિન ચોરી, લૂંટ, મારામારી, આત્મહત્યા વગેરેના ગુનાહ વધતા અને લાખો રૂપિયાની મિલકતની ચોરી થતા રહિશોમાં ભય ફેલાયો છે ત્યારે મિલકત અંગેના કેસોમાં વધુ એક નવો કેસ ઉમેરાયો છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં આવેલ બ્લોક નં. ૧૦૭/૧૪ ચ-ટાઈપ ખાતે રહેતા વિજય વાસુદેવ ભાઈ નાયર આજે સવારના ૯.૪૫ કલાક પહેલા પોતાના અંગત કામ અર્થે મકાનને તાળુ મારી બહાર ગયા હતા. દરમિયાન આ બંધ મકાનનો લાભ લઈ કોઈ શખ્સે ધોળા દિવસે ૯ થી ૧ કલાક દરમિયાન મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અને મકાનમાં રહેલ ૧.૯૫ લાખની કિંમતના સોના અને ચાંદીના દાગીના લઈ પલાયન થઈ ગયા હતા. બાદ મકાનમાલિક ઘરે પરત આવતા આ ચોરી અંગેની જાણ થઈ હતી. આથી તેઓએ શહેરના સેક્ટર-૨૧ પોલીસમથકમાં તાત્કાલિક જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે આવી સમગ્ર ચોરી કઈ રીતે થઈ તે અંગેની માહિતી મેળવી હતી. ચોરીની વધુ વિગતો મેળવી સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી ડૉગ સ્કોર્ડ અને એફ.એસ.એલ.ની મદદથી ઘરફોડીયાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



(તસવીર : દિપક જાની)

શ્રીમદ્ ભાગવત પારાયણ - સે-૧૭ સરસ્વતી શિશુ વિદ્યાલયના પ્રાંગણમાં પૂજય ભાણદેવજીની વ્યાસ પીઠે શ્રીમદ્ ભાગવત કથાનું પારાયણ સોમવાર સવારથી આરંભાયુ. પૂ. ભાણદેવજીની અમૃતવાણીના શ્રવણ માટે નગરના ભાવિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

# જિલ્લામાં ગણોતધારા હેઠળ જમીનની ખરીદ કિંમત ભરપાઈ માટે ઝુંબેશ ચલાવાશે

ગાંધીનગર, તા. ૬

જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ ગણોત હકકે જમીન મેળવનાર ખેડુતોને જમીનની ખરીદ કિંમત ભરપાઈ કરવા માટે તાલુકે તાલુકે ખાસ ઝુંબેશ તા. ૭મી મેથી શરૂ કરાશે.

ગાંધીનગર જિલ્લાના જે ખેડૂત ખાતેદારોને ગણોત હક્કે જમીન મળી હોય અને ખરીદ કિંમત ભરપાઈ કરવાની બાકી હોય તેવા ખેડૂત ખાતેદારો માટે જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ ખરીદ કિંમત સ્વીકારવાની ઝુંબેશ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં તા. ૭ થી ૧૦મી મે, ૨૦૧૩ દરમ્યાન યોજાનાર છે. આ ઝુંબેશમાં આવા ખેડૂત ખાતેદારો પોતાની ખરીદ કિંમત ભરી શકશે. જે કોઈ ખેડૂત ખાતેદારોને ગણોત હકકે જમીન મળી હોય અને તેઓની ખરીદ કિંમત આજદિન સુધી ભરપાઈ કરવામાં આવી નથી, તેવા ખેડૂત ખાતેદારો માટે રાજય સરકાર શ્રી દ્વારા તા. ૩૧/૦૮/૨૦૧૩ સુધીમાં ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત વધારવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં ગણોત હકકે જમીન મળી હોય તેવા ખેડૂતોને આવી રકમ ભરપાઈ કરવા જિલ્લા કલેકટર શ્રી બી.જે.ભટ્ટના માર્ગદર્શન હેઠળ તાલુકે તાલુકે આવી રકમ ભરપાઈ કરવાની ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. જેમાં તા. ૭ મી મે- ૨૦૧૩ના રોજ કલોલ તાલુકામાં, તા. ૮મી મે- ૨૦૧૩ના રોજ ગાંધીનગર તાલુકામાં, તા. ૯મી મે- ૨૦૧૩ના રોજ દહેગામ તાલુકામાં અને તા. ૧૦મી મે- ૨૦૧૩ના રોજ માણસા તાલુકામાં ગણોત હકકે જમીન મેળવનાર ખેડૂતો પોતાની રકમની ભરપાઈ કરી શકશે, તેવું જમીન સુધારણા નાયબ કલેકટર શ્રી ગુણંવતસિંહ સોંલકીએ જણાવ્યું છે. વધુમાં નાયબ કલેકટરશ્રીએ જણાવ્યું છે કે, ખરીદ કિંમત ભરપાઈ કરવાની બાકી હોય તેવા ખેડૂત ખાતેદારોની યાદી દરેક તલાટી કમ મંત્રીશ્રી તેમજ મામલતદાર અને કૃષિપંચશ્રીની કચેરીએથી જોઈ શકશે. જે ખેડૂત ખાતેદારોની ખરીદ કિંમત તા. ૩૧/૦૮/૨૦૧૩ સુધીમાં ભરપાઈ નહી થાય, તેવા કિસ્સામાં જમીન સરકારશ્રી હસ્તક લેવાની કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લામાં ગણોત હકકે જમીન મેળવનાર ખેડૂત ખાતેદારોને નિયત સમયમાં જમીનની ખરીદ કિંમત ભરવાની બાકી હોય તો સત્વરે આ ઝુંબેશમાં ભરી દેવા પણ જમીન સુધારણા નાયબ કલેકટરશ્રીએ જણાવ્યું છે.

# ગાંધીનગર જેસીઝ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૬

જેસીઆઈ ગાંધીનગર દ્વારા તાજેતરમાં રક્તદાન શિબિરનું આયોજન સિવિલ હોસ્પિટલના



સહયોગથી કરવામાં આવ્યું હતું.

આ રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન કલ્પતરૂ પાવરના પ્રેસીડન્ટ શ્રી વિનોદ રાદડિયાએ દિપ પ્રગટ્ય કરીને કર્યું હતું. ૫૬ યુનિટ જેટલું રક્ત એકત્ર થયું હતું. જે થેલેસેમીયાગ્રસ્ત બાળકોની સારવારમાં વપરાશે. રક્તદાન શિબિર બાદ અસરકારક વક્તૃત્વ વિશે સુંદર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેસીઆઈના સભ્યો ઉપરાંત નગરજનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. માસ્ટર ટ્રેનર જેએફપી શ્રી નિમેષ રાવલ દ્વારા ખુબ જ સુંદર અને અસરકારક પદ્ધતિથી તાલીમ આપવામાં આવી હતી. તાલીમના અંતે સર્વશ્રેષ્ઠ તાલીમાર્થી અને તાલીમાર્થી ગ્રુપને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. આ બંને કાર્યક્રમોમાં ઝેડવીપી દિલીપ ગુલેરીની ઉપસ્થિતિ ઉત્સાહવર્ધક રહી હતી. કાર્યક્રમની સફળતા માટે જે.સી. સાત્વિક ત્રિવેદી, જેસી ડૉ. અપૂર્વા રાવલ, જેસી ડૉ. પરાગી ગાંધી, જેસી દ્રોણ પંડ્યા, જેસી કેતન ભાવસાર, જેસી મહેશ પટેલ, જેસી મૌલિક પટેલ અને જેસી પ્રેરક વસાવડાએ ભારે જહેમત ઉઠાવી હતી. સંસ્થાના પ્રમુખ જેસી કેતન નિર્મલે સર્વે રક્તદાતાઓ અને તાલીમાર્થીઓનો સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# દહેગામ નગરપાલિકામાં નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી

દહેગામ, તા. ૬

દહેગામ નગરપાલિકામાં પ્રાંત અધિકારી પ્રકાશભાઈ મકવાણાના પ્રમુખ સ્થાને દહેગામ નગરપાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખની વરણી આજ રોજ બપોરે ૧૨.૦૦ વાગ્યે યોજાયેલ જેમાં વોર્ડ નં. ૭ની દરખાસ્ત નિખિલભાઈ રબારીએ કરી જયારે ટેકો મહોમંદ સફી મેમણ (સલીમભાઈ) એ ટેકો આપ્યો. વોર્ડ નં. ૨ના ચુંટાયેલા સભ્ય હિતેન્દ્ર લક્ષ્મણજી મકવાણાની ઉપપ્રમુખ તરીકેની દરખાસ્ત પ્રફુલભાઈ શાહે કરી જયારે ટેકો અરવિંદજી સોલંકીએ ટેકો આપ્યો. વિરોધ પક્ષ તરફથી પ્રમુખ તરીકે કમલેશકુમાર બી. અમીન (બકાલાલ)ની દરખાસ્ત દિનેશભાઈ પટેલે કરી હતી અને ટેકો રોહિતભાઈ પંચાલે આપ્યો હતો. જયારે ઉપપ્રમુખ તરીકે રાજુભાઈ સોમાભાઈ પટેલની દરખાસ્ત કિરણભાઈ પટેલે કરી હતી. જયારે ટેકો રચનાબહેન વી. ઠાકરે આપ્યો હતો. જેમાં પ્રમુખ તરીકે ભરતભાઈ લીલાભાઈ રબારીને અને ઉપપ્રમુખ તરીકે હિતેન્દ્રભાઈ લક્ષ્મણજી મકવાણાને બહુમતીથી જાહેર કરવામાં આવ્યા હતાં. પ્રમુખ અને ઉપપ્રમુખ ને અબીલ ગુલાલ તેમજ ફુલહારથી વધાવી લેવામાં



આવ્યા હતા. નવનીયુકત પ્રમુખ રબારી સમાજના પ્રથમ પ્રમુખ તરીકે ચુંટાઈને આવ્યા છે જયારે પ્રમુખશ્રી ભરતભાઈ રબારીના પિતા શ્રી સ્વ. લીલાભાઈ રબારી પણ ઉપપ્રમુખ તરીકે બિરાજમાન રહી ચુકયા છે.

(તસવીર : નિખિલ પંડયા, દહેગામ)

# અડાલજ ગામે અજાણ્યા વાહનની ટક્કરે યુવકનું મોત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક આવેલ અડાલજ ગામમાં આવેલ માણેકબા સ્કૂલની સામેના ભાગે આજે વહેલી સવારના સુમારે એક અજાણ્યા વાહનચાલકે અડાલજ ગામના જ એક યુવાનને અડફેટે લેતા યુવાનનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. અજાણ્યા વાહનનો ચાલક અકસ્માત સર્જી નાસી છૂટ્યો હતો. આ મામલે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી અજાણ્યા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલ અડાલજ ગામમાં આવેલ માણેકબા શૈક્ષણિક સંકુલની આગળથી મુખ્ય માર્ગ પસાર થાય છે. જ્યાં દરરોજના અસંખ્ય વાહનો રોજની અવરજવર કરે છે ત્યારે આજે સવારે અડાલજ ગામના જ કાળાજી ડાહ્યાજી ઠાકોર નામનો યુવક આજે વહેલી સવારે માર્ગ પર ચાલતો જઈ રહ્યો હતો. દરમિયાન આ માર્ગ પર પુરપાટ ઝડપે દોડતા એક અજાણ્યા વાહને યુવકને અડફેટે લેતા તેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આથી યુવકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. આ અકસ્માત અંગે મૃતકના પરિવારજન મહેશજી મગજની ઠાકોરની ફરિયાદના આધારે અડાલજ પોલીસેના અધિકારી એસ.વી. ડામોરે ગુનો નોંધી અજાણ્યા વાહનની શોધખોળ હાથ ધરી છે.

# કિસાન રેલીના સંયોજક સમિતિની ગાંધીનગરમાં છઠ્ઠીએ બેઠક

ગાંધીનગર, તા. ૬

'શેર બનો દિલ્હી ચલો' ના નારા સાથે દિલ્હીમાં તા. ૧૩મી સપ્ટેમ્બર કિસાન અધિકાર રેલીના આયોજન માટે તા. ૬ઠ્ઠી જૂનના રોજ ગાંધીનગર ખાતે મળનારી અખિલ ભારતીય સંયોજક સમિતિની મિટીંગમાં મળનારી જમીન અધિગ્રહણ, બીલના વિરોધમાં પાણી સ્ત્રોત, બહુ રાષ્ટ્રીય કંપનીઓને આપવાનો વિરોધ, કૃષિ ઉપજના ભાવ વધારા માટેની રજૂઆત અર્થે દિલ્હીમાં જંગી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના લાખો ખેડૂતો જોડાય તેવું આયોજન ગોઠવવામાં આવેલ છે.

# વિદેશી રિટેલર્સને કોઈ જ રાહત નહી મળે

અમદાવાદ, તા. ૬

વાણિજ્ય અને ઉદ્યોગપ્રધાન આનંદ શર્માએ જણાવ્યું કે વિદેશી સુપર માર્કેટસ અથવા મલ્ટી બ્રાન્ડ રિટેલે ભારતમાં પ્રવેશવું હશે તે તોને બેંક એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં રોકાણ કરવું પડશે. માત્ર ભારતીય કંપનીઓની વર્તમાન સુવિધાઓને ખરીદીને તે ભારતમાં નહી પ્રવેશી શકે. આને કારણે ભારતમાં તૈયાર માળખું ખરીદવા પ્રવાસ કરી રહેલી કંપનીઓની આશા ઠગારી નિવડી શકે છે. વોલ માર્ટ જેવી બહુરાષ્ટ્રીય કંપની તેમની ભારતીય ફ્રેન્ચાઈઝની ભારતીય રીટેલમાં ફ્રન્ટ એન્ડ ઈઝી ડે સ્ટોર સાથે બેંક એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચરને ખરીદવાની આશા રાખી રહ્યા છે. જેથી તેઓ ભારતીય ગુડલક સાથે ઝડપથી પહોંચી શકે.

સરકારની રીટેલ નીતિના ઘડવૈયા ગણાતા શર્માએ એ વાતની સ્પષ્ટતા કરી કે વિદેશી સુપર માર્કેટને ભારતમાં પ્રવેશવા માટેની શરતોમાંથી એક મુજબ સુપર માર્કેટ દેશમાં ઈન્ટ્રાસ્કટરમાં અને લોજીસ્ટિકસમાં કરવા પડતા પાંચ કરોડ ડોલરના રોકાણમાં જમીન તથા રિયલ એસ્ટેટનો સમાવેશ નથી થયો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે મલ્ટી બ્રાન્ડ રિટેલમાં રોકાણ માટેની કોઈપણ શરતો હળવી કરવાનો ઈન્કાર કર્યો હતો. જરૂર પડશે તો દરેક કિસ્સાને ધ્યાને રાખી નિર્ણય લેવામાં આવશે.

# ધોળાકુવા ગામના આધેડે ઉંદર મારવાની દવા ગટગટાવી

ગાંધીનગર શહેર નજીક આવેલ ધોળાકુવા ગામે આજે સાંજના સુમારે એક આધેડે અગમ્ય કારણોસર ઉંદર મારવાની દવા પી જતા બેભાન થઈ ગયા હતા. તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા તબીબે આધેડનો જીવ બચાવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામે આજે સાંજના સુમારે સુભીરાજભાઈ સકરાભાઈ દંતાણી ઉ.વ.૫૦એ અગમ્ય કારણોસર પોતાના ઘરમાંજ ઉંદર મારવાની દવા ગટગટાવી જતા આધેડ બેભાન થઈ ગયો હતો. આ દશ્ય જોઈ પરિવારજનોએ તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા અને હાજર તબીબે સારવાર આપતા આધેડનો જીવ બચી ગયો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧

સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૨૫

છોટા ભીમ : ૧૨.૩૦, ૫.૩૦

: સ્ક્રીન-૨ :

આશકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

બોમ્બે ટોકીસ : ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૩૫

: સ્ક્રીન-૩ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૯.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,

આશીકી-૨ : ૧૨.૦૦

### સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીત ઝૂકે નહીં સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

શૂટઆઉટ એટ વડાલા: ૯.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

આઈરોન મેન-૩ : ૧.૧૫, ૪.૦૦

: સ્ક્રીન-૩ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૧૦.૩૦

### ચિરાગ, કલોલ

ગોરી મેં તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. રોજગારીની નવી તક પ્રાપ્ત થઈ શકે છે.

**વૃષભ** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થશે. રાજકીય સ્ત્રોતોથી ધન પ્રાપ્તિનો યોગ. વારસાગત મિલકતના પ્રશ્નોનો હલ આવી શકે છે.

**મિથુન** : મનોરંજન કળા આમોદ-પ્રમોદના કાર્યોમાં રુચિ વધશે. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બને. લગ્નોત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક. સુખ પ્રાપ્તિનો યોગ.

**કર્ક** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહો. ઈચ્છિત સિદ્ધિ અને મનોનુકૂળ લાભ અવશ્ય મળશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. કાયદાકીય પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક.

**સિંહ** : નાણાંકીય સ્થિતિમાં સુધારો જણાય. કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ. કલાત્મકક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. ભૌતિક સુખ સુવિધામાં વધારો થતો જણાય.

**કન્યા** : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા પ્રાવાસનું આયોજન થશે. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**તુલા** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વેપાર અર્થે થયેલા પ્રવાસ લાભદાયી બની રહે.

**વૃશ્ચિક** : નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વેપારમાં ભાગીદારમાં સંભાળવું. અગાઉ કરેલા રોકાણનો લાભ મળી રહે. મિત્રો- સ્નેહીજનોને મળવાનું થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**ધન** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સાવચેતી રાખવી. સમય સાનુકૂળ. રોગ નિર્વાણકાર્યો માટે યાત્રા થશે.

**મકર** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડે. નોકરીયાત વર્ગને બદલી- બઢતીની શક્યતાઓ. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આકસ્મિક ધન- લાભ થવાની શકયતા.

**કુંભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય પણ વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી બની રહે.

**મીન** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોતોમાં વધારો થવાની સંભાવના છે. મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. મધુબેન વીરસંઘ રાઠોડ (ઉ.વ. ૫૦) મુ.પો. ચેખલાબગી, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબેન હરજીભાઈ પટેલ (ઉ.વ. ૯૦) મુ.પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જશીબેન હિતેન્દ્રભાઈ ગોહિલ (ઉ.વ. ૪૪) બ્લોક નં. ૨૦૮/૧, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. સોમાજી કચરાજી ઠાકોર (ઉ.વ. ૫૭) મુ.પો. ધોળાકુવા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ગૌતમકુમાર સંપતભાઈ દત્ત (ઉ.વ. ૪૫) પ્લોટ નં. ૪૧૨/૧, સેકટર-૪/બી, ગાંધીનગર.